## પશુપાલન થકી આવક બમણી કરવા માટેના સોનેરી સૂચનો

પશુપાલકોમાં વૈજ્ઞાનિક પશુપાલન માટે વધુ જાગૃકતા આવે કે જેથી દૂધ ઉત્પાદનનો વ્યવસાય વધુ ને વધુ નફાકારક બને તે અંગેના કેટલાક સૂચનો નીચે જણાવેલ છે. જે અપનાવતા પશુપાલકની આર્થિક પરિસ્થિતિમાં ચોક્કસ સુધારો આવશે. તેવું અત્રે માનવું છે.

⌘ જે પશુપાલકો નાનકડું ડેરી ફાર્મ શરુ કરવા માંગતા હોય તેમને આ અંગેનું જ્ઞાન તેમજ તાલિમ મેળવવી જરૂરી છે. તેઓ પોતાના જિલ્લામાં આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, ડેરીઓ તેમજ તેમના વિભાગમાં આવેલી કૃષિ યુનિવર્સિટીમાં મેળવી શકે છે.

⌘ ડેરી ફાર્મના ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખી જગ્યા પસંદ કરવાનું ખૂબ જ મહત્વનું પાસું છે. ઢોરવાડો હંમેશા પૂર્વ-પશ્ચિમ દિશામાં એવી રીતે બાંધવો જોઈએ કે જેથી ગમાણ ઉત્તર દિશા તરફ રહે. તેનું ભોંયતળિયું ઢળતું તેમજ પાકું હોવું જોઈએ. બાંધકામની આજુબાજુ ખુલતી જમીન પણ પૂરતા પ્રમાણમાં હોવી જોઈએ. તેની છતની ઊંચાઈ ઓછામાંઓછી ૧૨ ફુટ હોવી જોઈએ. દીવાલો પાકી કોંક્રિટની કે ઈંટોની બનેલી હોવી જોઈએ. તેમાં હવાની પૂરતી અવરજવર થઈ શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. શક્ય હોય તો શેડની નજીકમાં ગોબરગેસની પણ વ્યવસ્થા કરવી જોઈએ. તેમ છતાં મકાનોની બાંધકામ પાછળ બિન આવશ્યક ખર્ચ કરવો જોઈએ નહિ.

⌘ પશુઓ ભરોસાપાત્ર વ્યકિત કે સંસ્થા કે સ્ત્રોતમાથી ખરીદવા જોઈએ જેથી જાનવર ખરીદવા માંગતા હોઈએ તેમના માતાપિતાની શારીરિક લક્ષણોની સચોટ માહિતી મળી શકે. અત્રે યાદ રાખવું જરૂરી છે કે નફાકારક પશુપાલન માટે દરેક બાબતોની નોંધ રાખવી જરૂરી છે. હંમેશા તાજા વિયાયેલ પ્રથમ/બીજા/ત્રીજા વેતરના પશુઓની પસંદગી કરવી જોઈએ. બહારથી નવા પશુઓ લાવ્યા બાદ હંમેશા ૧૫ થી ૩૦ દિવસ માટે શકય હોય તો અલગ સ્થળે રાખવા જોઈએ. દરેક પશુ ને વીમાનું સુરક્ષા કવચ આપવું જોઈએ કે જેથી ભવિષ્યમાં કોઈ અણધારી આફતથી થતા આર્થિક નુકશાનને ટાળી શકાય.

⌘ શિયાળામાં પશુઓને ઠંડીથી રક્ષણ મળી શકે તે માટે રાત્રે શેડમાં છતની નીચે તથા દિવસ દરમિયાન સૂર્ય પ્રકાશની હાજરીમાં ખુલ્લામાં રાખવા જોઈએ. જો જરૂરિયાત જણાય તો પશુઓને શણના કોથળાથી ઢાંકીને પણ ઠંડીથી રક્ષણ આપી શકાય.

⌘ ઉનાળામાં પશુઓને ચોવીસે કલાક ઠંડુ પાણી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને તેમને છાંયડામાં રાખવા જોઈએ. જો વધુ પડતી ગરમીથી પશુઓના નાકમાં લોહી વહેતુ હોય તો તેમના માથા પર ઠંડુ પાણી રેડવું જોઈએ. તેમનું માથું આગળથી ઊંચું રહે તે રીતે બાંધવા જોઈએ.



⌘ ગરમ તેમજ ભેજ વાળા વાતાવરણમાં લિખ, જુઆ, ચાંચડ, ઈતરડીઓ વગેરેનો પશુઓમાં ઉપદ્રવ ખુબજ હોય છે જે પશુઓની ચામડી ઉપર ચોંટી રહે અને કરડે છે, તેમજ ઘણાખરા જીવલેણ રોગો ફેલાવે છે. તેને રોકવા માટે ૦.૦૨ ટકા બુટોક્સ અને ૦.૦૨ ટકા ટેકટિક દવાઓ પશુઓ ઉપર તેમજ શેડ ઉપર છાંટવી જોઈએ. ૧૫ દિવસ પછી ફરી આ દવાનો છંટકાવ અસરકારક પરિણામ આપે છે. પશુઓના શેડમાંના ખૂણાઓ તેમજ દીવાલમાં પડેલી તિરાડોમાં આ દવાનો છંટકાવ કરવો ખાસ જરૂરી છે. ફકત આ દવાનો છંટકાવ ઘાસચારા તેમજ પીવાના પાણી ઉપર ના થાય તેની ખાસ કાળજી રાખવી. ગંદવાડ તથા કચરાનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા હોવી જોઈએ કે જેથી મચ્છર/માખીઓના ઉપદ્રવ પર નિયંત્રણ રહે.

⌘ જન્મેલ દરેક બચ્ચાનો ભવિષ્યના દુધાળ પશુ તરીકે જરૂરિયાત મુજબનો ઉછેર કરવો જોઈએ. જન્મેલ જોડિયા બચ્ચામાં જો એક નર અને એક માદા બચ્ચું હોય તો તે માદા બચ્ચું ફાર્મમાં ના રાખતા તેનો નિકાલ કરવો જોઈએ કારણકે તે વાંઝણું રહેવાની પુરેપુરી શકયતાઓ છે.

⌘ બચ્ચાનું નાક, કાન અને આંખ ઉપર ચોટેલ ચીકાશવાળું દ્રવ્ય કે મેલીનો ટુકડો હોય તો તેને સ્વચ્છ કપડાથી સાફ કરી તેની માતા આગળ મૂકવું જોઈએ કે જેથી માતા- બચ્ચું એકબીજાને ઓળખે અને તેને અપનાવી લે.

⌘ માતાનાં આંચળ માંથી નીકળતું અમૃતસમાન ખીરું તેના નવજાત બચ્ચાને તેના જન્મ પછી અડધા કલાકની અંદર પીવડાવવું જોઈએ. મેલી પડવા સુધી રાહ જોવી ના જોઈએ. આ ખીરું બચ્ચાને કાયમી રોગ પ્રતિકારક શકિત પ્રદાન કરે છે. તેના પ્રથમ મળ બહાર નીકાળવામાં સહાયક પુરવાર થાય છે.

⌘ જન્મતાની સાથે જ બચ્ચાના ડૂંટાને ટિંક્ચર અયોડીનથી સાફ કરી સ્વચ્છ દોરો બાંધવો જોઈએ. લોહી બંધ કરવા માટે માટીનો ઉપયોગ કરવો નહિ. ૧૫ દિવસની અંદર બચ્ચાને કૃમિનાશક દવા પીવડાવવી જોઈએ તથા ૬ મહિના સુધી એક -એક મહિનાના અંતરે પીવડાવવી જોઈએ. શંકર ગાયોના માદા બચ્ચામાં ૧૦ થી ૧૨ દિવસે શીંગડા ડામવા જોઈએ.

⌘ ત્રણ મહિનાના બચ્ચાઓમાં ખરવા મોવાસા તથા ગળસૂંઢાના રોગોની રસીઓ મુકાવવી જોઈએ. ત્યારબાદ ૨૧ દિવસના અંતરે ફરીથી અપનાવવી જોઈએ. ૪ થી ૮ મહિનાની ઉંમરે માદા બચ્ચાઓને ચેપી ગર્ભપાત માટેની રસી મુકાવવી જોઈએ. નર બચ્ચાંઓમાં આ રસી ની જરૂરિયાત રહેતી નથી.

⌘ ખરવા મોવાસા, ગળસૂંઢો વગેરે રોગોની રસીઓ અપાયાની તારીખની નોંધ કરી તે રસીઓ દર ૬ મહિને કે વર્ષે ફરીથી આપતા રહેવું જોઈએ. જો આપણા ફાર્મની આજુબાજુમાં કયાંય પણ ખરવા મોવાસાના રોગનો



ઉપદ્રવ થયો હોય તો તે સમય પૂરતું કોઈપણ મુલાકાતીને ફાર્મ પર પ્રવેશ આપવો નહિ.

⌘ પશુઓમાં પોષણને ખૂબ જ મહત્વ આપવું જોઈએ કે જેથી વાછરડી કે પાડી ૨૨ થી ૨૪ મહિનાની ઉંમરે ૨૫૦ કિગ્રા વજન ધારણ કરે. તે માટે સારી માત્રામાં સારી ગુણવત્તાવાળો લીલો ઘાસચારો અને જાનવર દીઠ ૨ થી ૩ કિગ્રા સારી ગુણવતા વાળું દાણ કે જેમાં ૨ ટકા ખનીજ ક્ષારો અને ૨ ટકા મીઠું ભેળવેલ હોય તે દરરોજ આપવું જોઈએ. પશુઓ માટેનું બજારમાં મળતું તૈયાર દાણ કે જેની ગુણવતાની ખાતરી ના હોય તેવું દાણ ખવડાવું જોઈએ નહિ. જેમાં બિનઉપયોગી પદાર્થો વધારે રહેવાની શકયતાઓ રહેલી છે.

⌘ જાનવરોને રાસાયણિક ખાતરો તેમજ જંતુનાશક કે કીટનાશક દવાઓના છંટકાવ થયેલ હોય તેવા ઘાસચારો ખવડાવવો જોઈએ નહિ. ૭ મહિના ઉપર ગાભણ જાનવરોમાં સૂકો ઘાસચારો વધુ પ્રમાણમાં ખવડાવવો જોઈએ નહિ અને પૂરતો આરામ આપવો જોઈએ.

⌘ જાનવરોને લગતી તમામ નોંધ જેવી કે ગરમીમાં આવવાના ચિહ્નો, બીજદાન કર્યાની તારીખ, દૂધ ઉત્પાદનને લગતી માહિતી, જો કોઈપણ રોગનો ઉપદ્રવ થયો હોય તો તેને લગતી માહિતી, દવા કર્યાની માહિતી વગેરે સાચવવી જોઈએ. જે નોટબુક કે ચાર્ટમાં આ માહિતી લખેલ હોય તેને હાથવગી રાખવી તથા સમયાંતરે તેમાં જરૂરી પૂર્તતા કરતુ રહેવુ જોઈએ.

⌘ આપણી દેશી ગાયો અને ભેંસોની ઓલાદોમાં સવાર અને સાંજ ગરમીમાં આવ્યાની ચકાસણી કરવી. ગરમીમાં આવ્યાના બાર કલાક બાદ તેનું બીજદાન કરવું. સંકર ગાયના કિસ્સામાં ગાય ગરમીમાં આવ્યાના ચિહ્નો બતાવે, તેના બાર કલાક બાદ અથવા તો ગરમીના સમયગાળાને પૂરો થવાના ૮ થી ૧૦ કલાક પહેલા બીજદાન કરવું જોઈએ. વધુ માં વધુ ૨૪ કલાકના સમયગાળા દરમિયાન ફેર બીજદાન કરાવવાની ભલામણ કરવામાં આવે છે.

⌘ ઉનાળાના સમયમાં ખાસ કરીને ભેંસોમા ગરમીના ચિહ્નોની તપાસ દિવસના ઠંડકના સમયમાં કરાવી જોઈએ. ભેંસોમાં ગરમીના ચિહ્નોમાં ચીકણો લાળનો ભાગ યોનિના હોઠો વચ્ચે જોવા મળે છે, જે તેનું મુખ્ય ચિહ્ન છે.

⌘ કુદરતી રીતે ફેળવવામાં આવતા જાનવરો માટે દર ત્રણ વર્ષે ફળાઉ સાંઢ બદલી નાખવો જોઈએ. ફળાઉ સાંઢથી ઉત્પન્ન થયેલ વાછરડીઓમાં તે જ સાંઢના ઉપયોગથી થતું આંતર સંવર્ધન અટકાવવા માટે સાંઢ બદલવા ખૂબ જ જરૂરી છે.

⌘ ગાભણ જાનવરોને સારી ગુણવતા વાળો ખોરાક આપવો જોઈએ. ગર્ભાવસ્થાના તૃતીય તબક્કામાં ૧.૦ થી ૧.૫ કિગ્રા દાણ વધુ આપવું જોઈએ. જો જાનવર દૂધ આપતું હોય તો ઓછામાં ઓછા બે મહિના પહેલા તેને વસૂકાવી સંપૂર્ણ આરામ આપવો જોઈએ. વિયાણના એક

મહિના પહેલા ગાભણ જાનવરને કૃમિનાશક દવા પીવડાવવી જોઈએ.

- ગાભણ જાનવરને શકય હોય ત્યાં સુધી મુસાફરી કરાવવી ના જોઈએ. પડવા, લપસવા તથા ઝઘડવાથી પણ બચાવવા જોઈએ.
- જો કોઈ ગાભણ જાનવર પૂઠું બતાવતું હોય તો તાત્કાલિક તકેદારી લેવી જોઈએ, તેને થોડો થોડો ઘાસચારો સમયાંતરે આપવો જોઈએ તથા તાત્કાલિક પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો જોઈએ.
- પુંઠાને વાળવા માટે જૂતાંનો કે ગંદા હાથનો ઉપયોગ કરવો જોઈએ નહિ. તેના ઉપર સ્પિરિટ કે આલ્કોહોલ લગાડવો જોઈએ નહિ.
- બે હોંઠો વચ્ચે જગ્યા રાખવી જોઈએ. જાનવરને આગળના ભાગે ઢાળ રહે તેવી જગ્યાએ બાંધવું.
- વિયાણ પછી તુરત જ માદા પશુને ગોળ, મીઠું અને ઘઉં કે બાજરી ભરડા મિશ્રિત શકિત વર્ધક ખોરાક આપવો જોઈએ.
- વિયાણ પછી જાનવરમાં મેલી ૮ થી ૧૨ કલાક દરમિયાન પડી જવી જોઈએ નહીંતર પશુ ચિકિત્સા અધિકારીનો સંપર્ક કરવો. પડી ગયેલી મેલી જાનવર ખાય નહિ તેની તકેદારી રાખવી જોઈએ. વિયાણ પછી તુરત જ વધુ દૂધ ઉત્પાદન ધરાવતા જાનવરને પૂરેપૂરું દોહવું જોઈએ નહિ. જેનાથી તેને સુવા રોગથી બચાવી શકાય. આ રોગને રોકવા માટે ગર્ભાવસ્થાના છેલ્લા બે અઠવાડિયા દરમિયાન વધારે પડતું કેલ્શિયમ પણ આપવું જોઈએ નહિ.
- આઉં આંચળના રોગ ના થાય તેના માટે ટીટ ડીપ કપ પદ્ધતિ દોહયા પછી અપનાવવી જોઈએ કે જેમાં ઓછી સાંદ્રતાવાળું પોટેશિયમ પરમેંગેનેટ કે પોવિડોન આયોડીનનું દ્રાવણ અને ગ્લિસરીન ૪:૧ ના પ્રમાણમાં વાપરવામાં આવે છે.
- સ્વચ્છ દૂધ ઉત્પાદન માટે જાનવરો, દોહનાલય તેમજ દોહવાવાળા માણસોની પૂરતી ચોખ્ખાઈ રાખવી જોઈએ. જાનવરનું દોહન ચોખ્ખી જગ્યાએ, ઝડપથી, શાંત વાતાવરણમાં અને અન્ય અડચણો ન થાય તેવી રીતે નિયત સમય મર્યાદામાં પુરૂ કરવું જોઈએ.
- ઉત્પન્ન થયેલ દૂધનું વિતરણ જાતે તમારા વિસ્તારના આજુબાજુના વિસ્તારમાં કરવું જોઈએ. ઉત્પન્ન થયેલ દૂધ તાત્કાલિક ઠંડુ થઈ શકે તેવી વ્યવસ્થા કરવી આવકારદાયક છે. જેનાથી દૂધની ગુણવતા સારી રીતે જાળવી શકાય.
- જાનવરના આંખ, નાકમાંથી કોઈપણ પ્રકારનું અસામાન્ય પદાર્થ દ્રવતો હોય અથવા જાનવરે ખાવાનું છોડી દીધેલ હોય તો તરત જ પશુચિકિત્સા અધિકારીનો સંપર્ક સાધવો જોઈએ. જાતે કોઈપણ પ્રકારની દવા આપવી જોઈએ નહિ.
- ધણખૂંટ એ જ અડધું ધણ છે. આથી ધણખૂંટની પસંદગી કાળજીપૂર્વક



કરો. વધુમાં વધુ દૂધ આપતી ગાયો કે ભેંસોના નર બચ્ચાને જ ધણખૂંટ તરીકે પસંદ કરી ઉપયોગ કરવો જોઈએ.

- ગાય ભેંસ તેના વિયાણ પછીના ત્રણ મહિનામાં ગાભણ થવી જોઈએ. યાદ રાખો કે તમે એકવાર ફેળવવાનું ચુકી જાઓ છો એટલે રૂ. ૧૫૦૦/- થી રૂ ૨૦૦૦/- નું નુકશાન થાય છે.
- ન ફળતા જાનવરને વહેલી તકે યોગ્ય દાક્તરી તપાસ કરાવી સારવાર કરાવો, જેથી જાનવર લાંબા સમય સુધી બિન ઉપયોગી ન રહે.
- જાનવરને ઘાસચારો ખવડાવવો અને તેમાં ત્રીજો ભાગ કઠોળ વર્ગનો ચારો હોવો જોઈએ. તેમજ મીઠું તથા ક્ષારો જાનવરના શરીરના વિકાસ, પ્રજનન તથા ઉત્પાદન માટે ખુબ જ જરૂરી છે.
- હંમેશા લીલો કે સૂકો ઘાસચારો કાપીને ટુકડા કરીને જ ખવડાવવાનો આગ્રહ રાખવો. જેના લીધે ૨૦ થી ૨૫ ટકા સુધીના ઘાસચારાનો બચાવ કરી શકાય.
- ક્ષય, ચેપી ઝાડા તથા ચેપી ગર્ભપાત થવાના રોગ સામે નિયમિત રીતે તાપસ કરવો.
- ભેંસોને ઉનાળામાં દરરોજ બે વાર નવડાવવાથી દૂધ ઉત્પાદન અને પ્રજનન ઉપર સાનુકૂળ અસર થાય છે.
- જાનવરોને રાત્રી દરમિયાન વાડામાં છુટા રાખો. દિવસ દરમિયાન સવારે ગમાણ, વાડા વિગેરે સફાઈના સમયે શક્ય હોય તો અન્ય વાડામાં પુરવા, સફાઈ બાદ જે તે જાનવરને પોતાના ચોક્કસ સ્થળે બાંધી સવારમાં લીલો/સૂકો ઘાસચારો નીરણ કરવો જોઈએ.
- દૂધ ન આપતાં જાનવરોની નિભાવણી માટે જાનવર દીઠ એક કિગ્રા તથા ઉછરતી વાછરડી/પાડી વિગેરેને તેમની જરૂરિયાત મુજબનું દાણ સવારે જ આપવું હિતાવહ છે.
- દૂધ આપતા જાનવરો જયારે દોહનાલયમાં આવે ત્યારે બંને સમયે (સવારે અને સાંજે) તેમની ઉત્પાદન ક્ષમતાને ધ્યાનમાં રાખી દાણ-નીરણ કરવું જોઈએ. ત્યારબાદ જ દોહન કાર્ય ચાલુ કરવું.
- વૈજ્ઞાનિક ઢબે માવજત કરવા કે સલાહ સૂચન મેળવવા જે તે વિષયના નિષ્ણાતોનો સંપર્ક કરવો જોઈએ.
- યાદ રાખો કે ગાય અને ભેંસ તમારી પોતાની છે માત્ર તમે જ તેને યોગ્ય રીતે ઉછેરી મહત્તમ નફો મેળવી શકો છો. તેથી તેની સાથે માયાળુ વર્તન રાખો.



# પશુપાલન થકી આવક બમણી કરવા માટેના સોનેરી સૂચનો




ડૉ. જે. બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન)

પ્રો. કે. એન. રણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન)

ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (ICAR)

નવસારી કૃષિ યુનિવર્સિટી

એગ્રીકલ્ચર પોલીટેકનીકની સામે,

ભેંસકાત્રી રોડ, પાનવાડી, વ્યારા, જિ.તાપી

ફોન નં. (૦૨૬૨૬) ૨૨૧૮૬૯


યુનિવર્સિટી પ્રકાશન નંબર : ૧૦૪/૨૦૨૦-૨૧